

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રી : પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-25 ■ તા. 18-06-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## ઉત્તર ગુજરાતમાં વરસાદનું રેડ એલર્ટ

# બનાસકાંઠા અને સાબરકાંઠામાં જળબંબાકાર

## બનાસકાંઠા,પાટણ,મહેસાણા,સાબરકાંઠા અને મહિસાગરમાં પણ ભારે વરસાદની આગાહી







અમદાવાદઃ બિપરજોય વાવાઝોડાને કારણે કચ્છ અને સૌરાષ્ટ્રમાં તારાજી સર્જાઈ છે. અનેક વૃક્ષ અને વીજપોલ ધરાશાયી થયાં છે. જયારે મકાનોને પણ નુકસાન પહોંચ્યું છે. ત્યારે હવે વાવાઝોડાની અસર અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતમાં જોવા મળી છે. મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણમાં વરસાદે બગડાટી બોલાવી છે. હવામાન વિભાગે ઉત્તર ગુજરાતમાં બે દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી હતી.પાટણ જિલ્લાના સિદ્ધપુર, રાધનપુર, સંતાલપુર, સમી, હારીજ, શંખેશ્વર અને સરસ્વતી તાલુકામાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, ડીસા, થરાદ, વાવ, દિયોદર અને સુઈગામ તાલુકામાં વરસાદ વરસી રહ્યો છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં છે.ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં ઠેર-ઠેર ૨ ઈંચથી ૪ ઈંચ સુધીનો વરસાદ પડ્યો છે. ત્યારે સાબરકાંઠામાં પણ ૨ થી ૩ ઈંચનો વરસાદ પડ્યો છે, તો પાટણમાં પણ ચાર ઈંચ વરસાદ ખાબકતાં જનજીવન પ્રભાવિત થયું છે. ઉત્તર ગુજરાતમાં અત્યંત ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. ઉત્તર ગુજરાતમાં પવનની ગતિ ૪૧ થી ૬૧ કિમી રહી શકે છે. તેમજ કચ્છ, અરવલ્લી, સુરેન્દ્રનગર, ગાંધીનગર, મહીસાગરમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. ધોધમાર વરસાદના કારણે એશિયાનો સૌથી મોટો સોલર પ્લાન્ટ બેટમાં ફેરવાયો! ૧૫ મેગા વોટના પ્લાન્ટમાં ઢીંચણ સમા પાણી, કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. ધોધમાર વરસાદને લઈ એશિયાનો સૌથી મોટો સોલાર પ્લાન્ટ બેટમાં ફેરવાયો છે. સાંતલપુરના ચારણકા ગામે આવેલા સોલાર પ્લાન્ટમાં ઢીંચણ સમા પાણી ભરાયા છે. ચારણકા ભેલ કંપની ૧૫ મેગા વોલ્ટમાં ઢીંચણ સમા પાણી ભરાતા ભારે નુકસાન થયું છે. જેમાં ઢીંચણ સમા પાણી ભરાતા સોલાર પ્લાન્ટમાં કરોડો રૂપિયાનું નુકસાન પહોંચ્યું છે.

બીજી તરફ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકથી વરસાદ વરસી રહ્યો છે અને ભારે પવન સાથે વરસાદ પડવાથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં છે. જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૯ મિમીથી ૮૮ મિમી વરસાદ નોંધાયો હતો, એટલે કે સવા ઈંચથી લઈને પોણા ચાર ઈંચ વરસાદ નોંધાયો છે, જેમાં સૌથી વધુ વરસાદ વડાલીમાં ૮૮ મિમી, તો સૌથી ઓછો વરસાદ તલોદમાં ૨૯ મિમી નોંધાયો હતો. આજે વહેલી સવારથી ભારે પવન સાથે વરસાદ શરૂ થયો હતો અને બે કલાકમાં આઠમાંથી ત્રણ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. અરવલ્લી જિલ્લામાં ભારે પવન ફૂંકાયો હતો સાથે સાથે વરસાદની પણ શરૂઆત થઈ હતી. મેઘરજ, ધનસુરા, મોડાસા, બાયડ તાલુકાઓમાં ભારે પવનના કારણે છાપરા ઉડવાની ઘટનાઓ સામે આવી છે. વૃક્ષો ધરાશાયી થવાની ઘટના પણ જોવા મળી છે. જિલ્લામાં મોડાસામાં ૩ ઈંચ કરતા વધુ વરસાદ ખાબક્યો છે. ધનસુરામાં પણ ૨.૫ ઈંચ વરસાદ, બાયડ અને ભિલોડા માં ૧થી ૧.૫ ઈંચ અને માલપુર અને મેઘરજમાં પણ સરેરાશ વરસાદ નોંધાયો છે.

યાત્રાધામ અંબાજીમાં પણ અસર દેખાઈ રહી છે. ત્યારે આજે સવારથી જ આકાશમાં કાળા ડિંબાગ વાદળો છવાયા છે. ત્યારે દિવસે પણ અંધારપટ છવાયું છે. યાત્રાધામ અંબાજી અને દાંતાના આજુબાજુ વિસ્તારોમાં સવારથી સતત વરસાદ વરસી રહ્યો છે. તેજ પવન સાથે ધમાકેદાર વરસાદ વરસતા અંબાજી અને આજુબાજુના વિસ્તારમાં લોકોને મુશ્કેલીનો પણ સામનો કરવો પડી રહ્યો છે. થરાદ શહેર તેમજ સમગ્ર તાલુકામાં એકધારો વરસાદ વરસ્યો છે.ગઈકાલે બપોરે ત્રણ વાગ્યાથી શરુ થયેલો આ વરસાદ રાતભર ચાલુ રહ્યો હતો અને વહેલી સવારથી લઈ હાલ સાંજના પોણા છ વાગ્યા સુધી સતત ચાલુ રહશે. હાલ ગોરંભાયેલા આકાશને જોતા આ વરસાદ આજની રાત્રિ પણ મહેમાન બની વરસતો રહેશે એવુ લાગી રહ્યું છે. વરસાદ અને વાવાઝોડાને લઈ થરાદ શહેરમાં ધંધા રોજગાર પર અસર થઈ છે.બનાસકાંઠાના થરાદ ડીસા હાઈવે પર મહાકાય વૃક્ષ અને શેડ તૂટી પડ્યા છે. શેડ તૂટવાથી હાઈવે બ્લોક થઈ ગયો છે. જેના કારણે હાઈવે પર ૧ કિલોમીટર લાંબી વાહનોની લાઈન જોવા મળી હતી.

# જૂનાગઢમાં મજેવડી દરવાજે ડીવાયએસપી ઉપર અસામાજિક તત્વો દ્વારા હુમલો



**એક કલાક સુધી ચાલેલી ચર્ચા-વિચારણા બાદ આ બાબતનો શાંતિપૂર્ણ નિરાકરણ લાવવા અને દેખાવકારોના રોડ બ્લોકને હટાવવાના હેતુથી રાત્રે ૧૦.૧૫ વાગ્યાની આસપાસ પોલીસ સ્ટાફ પર કેટલાક તત્વો દ્વારા પથ્થરમારો કરવામાં આવ્યો હતો.**

૧૬ જૂનની રાત્રે જૂનાગઢ શહેરના મજેવડી દરવાજા પાસે બની હતી, જે દરમિયાન પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પ્રદર્શનકારીઓ પર ટીયર ગેસના શેલ છોડ્યા હતા અને લાઠીચાર્જ કર્યો હતો અને બાદમાં ૧૭૪ લોકોને પકડ્યા હતા સાથે એક વ્યક્તિનું પથ્થર વાગવાથી દેખીતી રીતે મૃત્યુ થયું હતું. નાગરિકના મૃત્યુ પાછળનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ પછી જાણી શકાશે, પરંતુ પોલીસને શંકા છે કે તેનું મોત ટોળા દ્વારા ફેંકવામાં આવેલા પથ્થરના કારણે થયું હતું. જેની માહિતી પોલીસ દ્વારા આજે સવારે આપવામાં આવી હતી."૧૪ જૂનના રોજ, જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશને મજેવડી દરવાજા પાસેની એક મસ્જિદને જમીનની માલિકી અંગેના દસ્તાવેજો રજૂ કરવા માટે નોટિસ આપી હતી. નોટિસથી ઉશ્કેરાયેલા, લગભગ ૫૦૦-૬૦૦ લોકો ધાર્મિક માળખા પાસે એકઠા થયા હતા અને શુક્રવારે રાત્રે રસ્તાઓ બ્લોક કરી દીધા હતા." તેમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.સ્થળ પર હાજર જૂનાગઢના ડેપ્યુટી એસપી અને અન્ય સ્ટાફે તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે લગભગ

# રશિયાને અબજો ડોલરની ચૂકવણી તો અમેરિકા જ કરે છે, પછી યુદ્ધમાં સામે ઊભા થવાનો દેખાડો કેમ?

રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધને એક વર્ષ કરતાં વધુ સમય થઈ ગયો છે. બંને દેશો હાર માનવા તૈયાર નથી. એવામાં અનેક દેશ યુક્રેનની પડખે છે જેમાં અમેરિકાનું નામ પણ સામેલ છે. રશિયા પ્રત્યે પોતાનો ગુસ્સો વ્યક્ત કરવા માટે અમેરિકાએ જીવાશ્મ ઈંધણ ખરીદવાનું બંધ કરી દીધું હતું. જોકે આ દરમિયાન એક ચોંકાવનારા મીડિયા રિપોર્ટમાં સામે આવ્યું કે અમેરિકા રશિયાની પરમાણુ એજન્સી પાસેથી દર વર્ષે આશરે ૧ અબજ ડૉલરનું ઈંધણ ખરીદે છે. સ્થિતિ જણાવે છે કે અમેરિકાની પરમાણુ ઊર્જા પર નિર્ભરતા પહેલાં કરતાં વધી જવાની છે. તેનું કારણ એ છે કે અમેરિકામાં કોઈપણ કંપની યુરેનિયમનું ઉત્પાદન નથી કરતી.



એટલા માટે અમેરિકાએ મજબૂરીમાં રશિયા સાથે ડીલ કરવી પડી રહી છે. ખરેખર અમેરિકાએ યુરેનિયમનું સંવર્ધન અને ઉત્પાદન સંપૂર્ણપણે બંધ કરી રાખ્યું છે. તેણે ક્યારેય આ તરફ ધ્યાન નહોતું આપ્યું. પણ હવે તેના કારણે તેણે રશિયા સાથે ડીલ કરવી પડી રહી છે. જ્યારે રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયું તો અમેરિકા અને યુરોપે અનેક પ્રતિબંધો મૂક્યા. અમેરિકાએ નિર્ણય કર્યો કે રશિયાથી જીવાશ્મ ઈંધણ ખરીદવાનું બંધ કરશે અને તે હજુ આ નિર્ણય પર કાયમ છે. જોકે જ્યારે વાત યુરેનિયમની આવી તો અમેરિકાએ રશિયા સાથે ડીલ કરવી પડી. માહિતી અનુસાર જો તે આ ડીલ નહીં કરે તો અમેરિકા ખુદ મુશ્કેલીમાં મૂકાઈ જશે. નિષ્ણાતોના મતે અમેરિકા અને યુરોપને યુરેનિયમ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનવામાં એક વર્ષનો સમય લાગી શકે છે. ખાસ વાત એ છે કે માત્ર અમેરિકા અને યુરોપિયન દેશો જ નહીં પરંતુ વિશ્વના લગભગ એક ડઝન દેશો તેમની અડધાથી વધુ ઊર્જા કંપનીઓના સંચાલનમાં યુરેનિયમ માટે રશિયા પર નિર્ભર છે.

# બિહારમાં મહાગઠબંધનને વધુ એક ઝટકોઃ કોંગ્રેસ પ્રવક્તા કુંતલ કૃષ્ણાએ આપ્યુ રાજીનામુ

બિહારમાં નીતીશ સરકરાના નેતૃત્વ વાળી મહાગઠબંધન સરકારને વધુ એક ઝટકો લાગ્યો છે. પૂર્વ સીએમ જીતન રામ માંઝીના પુત્ર સંતોષ સુમન માંઝીના મંત્રી પદ પરથી રાજીનામા પર હજુ રાજકારણ અટક્યું નથી કે, હવે કોંગ્રેસ પ્રવક્તા કુંતલ કૃષ્ણાએ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે.



કુંતલ કૃષ્ણાએ સીએમ નીતીશ કુમારના નેતૃત્વ પર પણ સવાલ ઉઠાવ્યા છે. કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા કુંતલ કૃષ્ણાએ શનિવારે પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપવાનું એલાન કર્યું છે. કોંગ્રેસે ૨૦૧૪માં સિવાનના મહારાજગંજ પેટાચૂંટણીમાં કુંતલ કૃષ્ણને ટિકિટ આપી હતી. જોકે, તેઓ હારી ગયા હતા.

પાર્ટીને અલવિદા કહેતા કુંતલ કૃષ્ણાએ નીતીશ કુમારના નેતૃત્વનો વિરોધ કર્યો છે. તેમણે કહ્યું કે, નીતીશ કુમારે કાયમ કોંગ્રેસનો વિરોધ કર્યો છે. જયારે કોંગ્રેસે નીતીશ કુમાર સામે આત્મસમર્પણ કરી દીધુ છે.

## તંત્રી લેખ

# ચીને 'વિકાસશીલ દેશ'નો દરજ્જો ગુમાવ્યો

અમેરિકાએ ચીન પાસેથી 'વિકાસશીલ દેશ'નો દરજ્જો છીનવી લીધો છે. જેને કારણે ડ્રેગન ગુસ્સે થયું છે. કારણ કે ચીન હવે સસ્તા દરે લોન લઈ શકશે નહીં. ચીન વિકાસશીલ દેશના દરજ્જાનો ખોટો ફાયદો ઉઠાવી રહ્યું છે. તે સસ્તી લોન લઈને ગરીબ દેશોને ફસાવતો હતો. પરંતુ ડ્રેગનમાંથી વિકાસશીલ દેશનો દરજ્જો દૂર કર્યા પછી, તે આમ કરી શકશે નહીં. વિકાસશીલ દેશનો દરજ્જો મેળવીને ચીને અમેરિકા સહિત વિશ્વના અનેક દેશોને દેવાદાર બનાવ્યા છે.

આ દરજ્જા હેઠળ ચીને ખૂબ જ ચતુરાઈથી ગરીબ દેશો પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો. વિકાસશીલ દેશની સ્થિતિ સાથે, ડ્રેગન તેની વિસ્તરણવાદી નીતિને વધુ ઊંડી બનાવી છે. જણાવી દઈએ કે હાલમાં ચીન વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. એટલા માટે અમેરિકી સંસદે સંમતિ આપી કે તેને હવે વિકાસશીલ દેશનો દરજ્જો આપી શકાય નહીં.

આ બધી વાતો એટલા માટે કહેવામાં આવી રહી છે કારણ કે તાજેતરમાં અમેરિકાએ ચીનને મોટો ઝટકો આપ્યો છે અને સંસદમાં નવા બિલને મંજૂરી આપી છે. અમેરિકન હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ આ બિલને પહેલા જ પાસ કરી ચૂક્યું છે. ૪૧૫ સાંસદોએ આ બિલની તરફેણમાં મતદાન કર્યું હતું. બીજી તરફ મંગળવારે યુએસ સેનેટે પણ આ બિલ પાસ કર્યું હતું. આ બિલ પર અમેરિકી રાષ્ટ્રપતિ જો બાયડેન દ્વારા હસ્તાક્ષર કરવાના બાકી છે. આ બિલ પર તેમની સહી થતાં જ તે કાયદો બની જશે.

વિકાસશીલ દેશનો દરજ્જો હટાવવાથી ચીનની અર્થવ્યવસ્થા પર તેની નોંધપાત્ર અસર પડશે. ચીન વિશ્વ બેંક અને સ્ત્ર પાસેથી ઓછા વ્યાજે લોન મેળવી શકશે નહીં. આ કાયદાથી ચીનનો જીડીપીનો વિકાસ દર વધુ નીચે જશે. વિકાસશીલ દેશ તરીકે ચીનને જે સુવિધા મળતી હતી તે બંધ થઈ જશે. ચીન આનાથી આશ્ચર્ય અને પરેશાન બંને છે. આવી સ્થિતિમાં સૌથી મોટો સવાલ એ ઊભો થવા લાગ્યો છે કે શું આ ખતરો ભારત પર મંડરાવા લાગ્યો છે. જો ભારત સાથે આવું થાય તો તેના શું નુકસાન થશે?

જુઓ, કોઈપણ દેશ પોતાને વિકસિત રાષ્ટ્ર તરીકે જોવા માંગે છે પરંતુ તેના પોતાના ફાયદા અને ગેરફાયદા છે. જો ભારતને વિકસિત દેશ તરીકે જાહેર કરવામાં આવે તો તેને આઈએમએફ અને વર્લ્ડ બેંક પાસેથી સસ્તા દરે લોન પણ નહીં મળે. હવે તેને જે પ્રાથમિક સુવિધાઓ મળી રહી છે તે બંધ થઈ જશે. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન તરફથી મળતી આર્થિક મદદ મળશે નહીં. મુક્ત અને વાજબી વેપાર માટે ઉપલબ્ધ આંશિક મુક્તિ સમાપ્ત થશે. અર્થાત ધંધામાં નફો મળતો અટકશે.

ત્રણ વર્ષ પહેલા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન અને ભારત સહિત વિશ્વના ૨૫ દેશોને વિકસિત દેશો તરીકે માન્યતા આપવાની વાત કરી હતી.

# સ્ટાફ ભરતીના ઈન્ટરવ્યુની તારીખ યુનિવર્સિટી દ્વારા ફેરફાર કરાયો




બિપરજોય વાવાઝોડાને ધ્યાનમાં રાખીને હે.મ.ઉ.ગુ.યુનિ.સંલગ્ન સેલફાઈનાન્સ કોલેજોમાં કરારઆધારીત જગ્યાઓની ભરતીના ઈન્ટરવ્યૂ મોકુફ રાખવામાં આવ્યા છે તો હવે આ આઈન્ટરવ્યુ તા.૧૮ જૂનથી લેવા માટેનો નિર્ણય કરાયો હોવાનું યુનિવર્સિટી ના સુત્રોએ જણાવ્યું હતું. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ , કોમર્સ , સાયન્સ , બી.એડ , એમ.એસ.ડબલ્યુ , બી.આર.એસ , એમ.આર.એસ, બી.સી.એ , એમ.એસ.સી.આઈ.ટી , લો , બી.બી.એ , એમ.એસ.સી , એમ.એડ , નર્સિંગ , હોમિયોપેથિક , ફિઝિયોથેરાપી , ડિપ્લોમા ઈન ફાયર સેફ્ટી અને ડિપ્લોમા ઈન સેનેટરી ઈન્સ્પેકટર મળી કુલ ૨૨ અભ્યાસ ક્રમોની કુલ ૪૪૦ કોલેજોમાં ૪૫૦૯ જગ્યાઓ માટે કરાર આધારિત ભરતી પ્રક્રિયા માટે ઓપન ઈન્ટરવ્યૂ તા. ૧૭,૧૮,૧૯ જૂન દરમિયાન પાટણ ખાતે આવેલા પીકે કોટાવાલા આર્ટસ કોલેજ , કોલેજ કેમ્પસ ખાતે સવારે યોજાનાર હતા.પરંતુ બિપરજોય વાવાઝોડાને ધ્યાનમાં રાખીને ઈન્ટરવ્યૂ મોકૂફ રાખી તા. ૧૮ જૂનથી ઈન્ટરવ્યૂ ની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે ત્યારે તા. ૧૭ જૂનના રોજ યોજનાર ઈન્ટરવ્યૂ હવે તા. ૧૮ જૂને યોજાશે.૧૮ – ૧૯ બન્ને દિવસના નકકી કરાયેલા વિષયના ઈન્ટરવ્યૂ નકકી કરેલા સમય મુજબ જ યોજાશે.જેમાં કોઈ ફેરફાર કરાયો નથી. હવામાનને લઈ હજૂ તારીખોમાં ફેરફાર થવાની શક્યતાઓ હોય સતત અપડેટ માટે ઉમેરવારને ભરતીની ૅ://હદૃદ્બૅકંકહ.ૈહ વેબસાઈટ ઉપર સૂચનાઓ જોવા યુનિવર્સિટી દ્વારા અપીલ કરાઈ છે.

# આજે હાલોલ ખાતે યોજાનાર નિરંકારી મહિલા સંત સંમ્મેલન

સંત નિરંકારી મિશનના વડા સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજની પ્રેરણાથી મહારાષ્ટ્રના પરમ આદરનીય બહેન મનિષા ચચલાણીના પાવન સાનિધ્યમાં તા.૧૮-૦૬-૨૦૨૩ને રવિવારના રોજ વી.એમ. હાઈસ્કૂલ,ગોધરા રોડ,હાલોલ ખાતે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ દરમ્યાન વિશાળ નિરંકારી મહિલા સંત સંમ્મેલનનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં પંચમહાલ,દાહોદ,મહીસાગર અને વડોદરાની બહેનો સહભાગી થઈ નિરંકારી સદગુરૂ માતાજીના દિવ્ય સંદેશને પ્રસ્તુત કરશે.આ કાર્યક્રમમાં સમ્મિલિત થઈ સંતવાણીનો રસાસ્વાદ લેવા હાલોલના સંયોજક શ્રી સતિષભાઈ પરમાર દ્વારા ભાવભીનું જાહેર નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.સત્સંગ બાદ તમામની ભોજન વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

# 'ફાધર્સ ડે'

?ક્યાંક વાંચ્યાંનું યાદ આવે છે,
''આંગળી પકડીને નહીં, આંગળી છોડી દઈને કેમ ચાલવું એ શીખવે પપ્પા.''

કેટલીય સ્મૃતિઓ આલબમનાં પાને સચવાઈ છે. ક્યારેક એ આલબમ હાથમાં આવે છે ત્યારે એમાં સચવાયેલા બ્લેક એન્ડ વ્હાઈટ ફોટાઓમાંથી પણ લાગણીઓના અનેક રંગ પ્રગટે છે.

એક ફોટો યાદ આવે છે જેમાં નાનકડી ત્રણ વર્ષની છોકરીની ટ્રાઈસિકલમાં જે કંઈ ખોટકાયું છે એ રિપેર થઈ રહ્યું છે. છોકરી એની સામે ઊભા પગે બેઠેલી વ્યક્તિ તરફ મીટ માંડીને જોઈ રહી છે. એને ખાતરી છે કે, એની આ ઊંધી પાડેલી ટ્રાઈસિકલ જ્યારે સીધી થશે ત્યારે ચોક્કસપણે એ રિપેર થઈ જ ગઈ હશે.

જ્યારે એ બાઈસિકલ શીખશે ત્યારે ક્યારેક આંગળી પકડીને ચાલતાં શીખવનાર વ્યક્તિ એની બાઈસિકલ પકડીને પાછળ દોડતી હશે. સમતોલન જાળવીને જ્યારે એ સાઈકલ ચલાવતી થશે ત્યારે એ છોકરી ખબર નહીં હોય અને હળવેથી એ ટેકો ખેસવીય લેશે.




સમય પસાર થતો રહ્યો.

ત્રણ વર્ષની ઉંમરે સમજણ આવી ત્યારથી માંડીને વર્ષો સુધી એ છોકરીનાં મનનો વિશ્વાસ અકબંધ રહ્યો. છોકરીને ખબર હતી કે, જ્યારે એ હાથ લંબાવશે ત્યારે એક વ્યક્તિ હશે જે એનો હાથ થામી લેશે.

એ વ્યક્તિ એટલે પપ્પા.

આજે આલબમનાં પાનાં બહારની પણ કેટલીક સ્મૃતિઓ સળવળે છે ને મારી નજર સામે આવે છે, એ ઘર જ્યાં અમારું બાળપણ વિત્યું.

ઉનાળામાં બારી બહાર ટીંગાડેલી ખસની ભીની સાદડીમાંથી વહી આવતી ઠંડક, ચોમાસામાં લોબાનનો ધૂપ, ઋતુઋતુએ બદલાતાં ખસ, કેવડાનાં અત્તર, બધું જ સાગમટે યાદ આવે છે અને એ પહેલાં યાદ આવો છો, પપ્પા તમે.

નાનાં હતાં ત્યારે અમારી માંદગીમાં રાતોની રાતો જાગીને માથે બરફ-મીઠાનાં પાણીનાં પોતાં મૂક્યાં છે, પપ્પા તમે.

ગુજરાત વિદ્યાપીઠની લાયબ્રેરીમાં આજીવન સભ્ય બનાવીને વાંચતી કરી, પપ્પા તમે.

લખવાનું શરૂ કર્યું ત્યારે પ્રોત્સાહન આપ્યું, પપ્પા તમે.

એક સમય હતો જ્યારે પોતાનાં નામ પાછળ પતિ અને પિતાની અટક લખવાનું શરૂ થયું હતું. એ સમયે મારા લેખ અખબારમાં પ્રકાશિત થતાં ત્યારે કોઈએ મારાં નામની સાથે તમારી, આપણી અટક લખવાનું સૂચન કર્યું હતું કારણ કે, અમદાવાદનાં અખબારી આલમમાં તમારું નામ પ્રખ્યાત હતું. નાટ્ય રૂપાંતરથી માંડીને નાટક અને સાંસ્કૃતિક કાર્યક્રમોની તમે સમીક્ષા લખતા હતા.

અનેકવિધ પ્રવૃત્તિઓના તમે પ્રણેતા હતા. મારાં નામ સાથે આપણી અટક લખાય તો મારી ઓળખ આપોઆપ પ્રસ્થાપિત થઈ જાય, પણ ત્યારે તમે એ સૂચનને રદિયો આપી દીધો હતો.

કારણ માત્ર એ કે, તમે ઈચ્છતા હતા કે તમારા નામ કે તમારી ઓળખથી હું ઓળખાઉં એનાં કરતાં હું મારી પોતાની ઓળખ ઊભી કરું.

ત્યારે મને આ વાતની યથાર્થતા સમજાઈ હતી કે, ''આંગળી પકડીને નહીં, આંગળી છોડી દઈને કેમ ચાલવું એ શીખવે પપ્પા.''

શિસ્ત, શિષ્ટાચાર, સૌજન્યપૂર્ણ વ્યવહાર કોને કહેવાય એ પણ શિખવાડ્યું, પપ્પા તમે.

કેટકેટલું શીખવ્યું છે પપ્પા તમે અને જરૂર પડી ત્યારે તમે અમારી પાસે નવી ટેકનોલૉજિ શીખવા કેટલા ઉત્સાહિત હતા એ પણ યાદ છે.

કેવીય ખ્યાતનામ વ્યક્તિઓ સાથે તમારી ઓળખ, છતાં એ ઓળખનો ક્યારેય અંગત લાભ લેતા તમને નથી જોયા. આજે આટલાં વર્ષે ગુજરાત સમાચાર કે ચિત્રલોક, ચિત્રલોક સિને સર્કલમાં તમારી સાથે કામ કર્યું હોય એવી અનેક આદરણીય વ્યક્તિઓ સાથે વાત થાય છે ત્યારે એમનો તમારા માટેનો આદર અનુભવ્યો છે, પપ્પા.

'ફાધર્સ ડે' એટલે જૂન મહિનામાં આવતો કોઈ એક દિવસ નહીં.

મારાં માટે તો જ્યારે જ્યારે તમારો વિચાર આવે, તમારી કોઈ વાત થાય કે સ્મૃતિપટ પર તમારો ચહેરો તરી આવે એ દરેક દિવસ એટલે 'ફાધર્સ ડે'.

Love you papa.

રાજુલ કૌશિક

# ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં છેલ્લાં ૨૪ કલાકમાં ધીરધારે વરસાદનું આવન જાવન, સૌથી વધુ માણસામાં ૩૭ મિમી વરસાદ








ગાંધીનગરમાં વરસાદી સિઝન પુર બહાર ખીલી ઉઠી છે. સુસવાટા મારતાં ઠંડા પવનની સાથે છેલ્લા ચોવીસ કલાકમાં ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાના ધીમી ધારે સાર્વત્રિક વરસાદ આવન જાવન કરી રહ્યો છે. સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટરનાં આંકડા મુજબ જિલ્લામાં ચારેય તાલુકા પૈકી સૌથી વધુ માણસામાં ૩૭ મી.મી વરસાદ નોંધાયો છે.બિપોરજોય વાવાઝોડાની અસરના પગલે આજે પણ ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ ધ્વારા કરાઈ છે. વાવાઝોડું આવ્યા બાદ જાણે ચોમાસું બેસી ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. લગભગ રાજયભરમાં વરસાદી માહોલ જામ્યો છે. હવામાન વિભાગે ગઈકાલે શુક્રવારે પાંચ દિવસની આગાહી કરીને રાજ્યમાં તોફાની વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે.જે અન્વયે ગાંધીનગર અને અમદાવાદમાં પણ ભારે વરસાદ થવાની શક્યતા હવામાન વિભાગે કરી છે. ત્યારે ગઈકાલ સવારથી બિપોરજોય વાવાઝોડાના લેન્ડફોલ પછીથી રાજયના પાટનગર ગાંધીનગરમાં પણ અસર જોવા મળી હતી. વહેલી સવારથી જ સુસવાટા મારતાં પવનો ફૂંકાવાની સાથે વરસાદનું આવન જાવન ચાલુ રહ્યું હતું.ત્યારે સ્ટેટ ઈમરજન્સી સેન્ટરના સત્તાવાર આંકડા પર નજર કરીને તો ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન માણસા, દહેગામ, કલોલ અને ગાંધીનગરમાં ધીમીધારે વરસાદ વરસ્યો છે. તો ઘણી જગ્યાએ ધોધમાર વરસાદ પડ્યો હતો. સ્ટેટ ઈમરજન્સી સેન્ટરના આંકડા મુજબ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં સૌથી વધુ ૩૭ મી.મી વરસાદ નોંધાયો છે.એજ રીતે દહેગામ તાલુકામાં ૩૨ મી.મી, કલોલ તાલુકામાં ૩૧ મી.મી તેમજ ગાંધીનગર તાલુકામાં ૨૦ મી.મી વરસાદ છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન નોંધાયો છે. જિલ્લામાં શુક્રવારે વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું અને ઠંડો પવન ફુકાયો હતો. દિવસ દરમ્યાન અને ખાસ કરીને બપોર પછી પવનની ગતિ વધી ગઈ હતી. ભારે પવનના કારણે ૨૮ વૃક્ષો અને ૨૮ વીજ પોલ પડી ગયા હતા. જો કે આજે સવારથી ઝરમર વરસાદ વરસી રહ્યો છે.

# ૬૦ કિમીની ઝડપે ફૂંકાયેલા પવનને લીધે ૨૮ વૃક્ષ અને ૨૮ વીજપોલ ધરાશાયી

બિપરજોય વાવાઝોડાને પગલે જિલ્લામાં દિવસભર પવન સાથે વરસાદ પડતા વરસાદી માહોલનો અનુભવ લોકોએ કર્યો છે. જ્યારે જિલ્લામાં સરેરાશ અડધો ઈંચ એટલે કે ૧૬.૫ મીમી વરસાદ થયો છે. તેમાં સૌથી વધુ કલોલ તાલુકામાં ૨૬ મીમી અને ઓછો ગાંધીનગર અને માણસા તાલુકામાં અડધો ઈંચ એટલે કે ૧૨ મીમી વરસાદ પડ્યો છે. જોકે દિવસભર પ્રતિ કલાક ૬૦ કિમીની



ઝડપે ફુંકાયેલા પવનના કારણે ૨૮ વૃક્ષો અને ૨૮ વીજપોલ પડી જવાના બનાવો બન્યા હતા. જોકે વન વિભાગે વૃક્ષોને દુર કર્યા અને વીજ કંપનીએ પોલ ઉભા કરીને વીજ સપ્લાય પૂર્વવત કર્યો છે .બિપરજોય વાવાઝોડાને પગલે જિલ્લામાં દિવસભર પવન સાથે વરસાદી પડ્યો હતો. જોકે વરસાદી ઝાપટાથી જિલ્લામાં સરેરાશ ૧૬.૫ મીમી એટલે અડધો ઈંચ જેટલો વરસાદ પડ્યો છે.

# સેકટર ૧ ઉબીના રહીશોની સ્થિતિ નર્કાગાર બની

સમગ્ર રાજયમાં પાટનગરના રસ્તાની વાતો થતી હતી. અન્ય જિલ્લામાંથી આવનાર નાગરિકો શહેરના રોડ રસ્તા જોઈને વાહ વાહ કરતો હતો. પરંતુ મહાપાલિકા દ્વારા આદરવામાં આવેલા વિકાસકામમાં આંતરીક રોડ રસ્તાનુ ધોવાઈ ગયા છે. શહેરના નિર્માણ સમયે જે ધૂળિયા રસ્તા હતા, તેવી હાલત જોવા મળી રહી છે. ત્યારે વિકાસમાં સેક્ટર ૧ઉબીની હાલત કફોડી બની ગઈ છે. સ્થાનિક નાગરિકો ત્રાહિમામ પોકારી રહ્યા છે અને કહી રહ્યા



છેકે, અમે પાટનગરમાં નહી પરંતુ નર્કમાં વસવાટ કરી રહ્યા હોય તેવુ લાગી રહ્યુ છે.ગાંધીનગર શહેરમાં મોટા ભાગના આંતરીક માર્ગો દુરસ્ત બની ગયા છે. પાણીની લાઈન, ગટર લાઈન એક પછી એક લાઈન નાખવા ખોદાણ કરવાની કામગીરી ચાલી રહી છે. જેના કારણે એક પણ સેક્ટરનો રસ્તો ચાલવા લાયક પણ નથી. તેમાં પણ શહેરમાં છેલ્લા બે દિવસમાં વરસાદ પડી રહ્યો છે. તેમાં રસ્તા કીચડવાળા બની ગયા છે. વૃદ્ધ માણસ રસ્તા ઉપર ચાલવા નિકળે તો ઘરે હેમખેમ પરત જ પહોંચશે તેની કોઈ ગેરન્ટી નહી.આ સ્થિતિ વચ્ચે શહેરના સેક્ટર ૧ઉબીના રહીશો પારાવાર યાતના ભોગવી રહ્યા છે.